**ફોજદારી કેસ નં. 1924/1998**

આંક ૧ નીચે હુકમ

.......................................................................................................

.......................................................................................................

વિ.એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મહે.જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ તેમના તારીખ ૯/૯/૨૧ ના હુકમ નંબર. ડીસી/એડીએમ/પડતર કેસ પરત ખેંચવા/૨૦૨૧ તા.૯/૯/૨૦૨૧ ના પત્રને વંચાણે લીધો સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદનાએ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલ છે. આ અંગે વિ.એ.પી.પી.શ્રીએ સદરહું આંકવાળી અરજી રજુ કરી હાલનો કેસ પરત ખેંચવા માંગતા હોવાનું જાહેર કરી અરજી કરેલ છે અને પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે. વધુમાં જણાવે છે કે આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતા નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે તેથી તથા આ કેસ નજીવી સજાનેપાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ઘ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હીતમાં તથા ન્યાયના હીતમાં વિ.એ.પી.પી.શ્રીએ આ કેસ પરત ખેંચવા હોવાનું જાહેર કરેલ છે.રજુઆત તથા તારણો જોતા આ કેસ પરત ખેંચવા સંમતી આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવો યોગ્ય તથા ન્યાયના હીતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

**હુ ક મ**

આથી ક્રિ.પ્રો.કોડ ક.૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી, આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે. અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૧. મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો /બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૨. મુદ્દામાલની રોકડ રકમ જપ્ત કરી હોય તો અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કબજે કરેલ મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ તેના માલિકને/ફરીયાદીને ઓળખની ખાતરી કરી પરત આપવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૯/૨૦૨૧

( એચ.એસ.પટેલ )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.